પ્રધાનમંત્રી આવાસ યોજના - હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ ને અનુરૂપ મુખ્ય મંત્રી આવાસ યોજનાના ઘટક અંતર્ગત ક્રેડીટ લિંક્ડ સબસીડી (Credit Linked Subsidy) ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એએચએમ/૧૦૨૦૧૫/૪૫૩/થ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૧ / ૦૪/૨૦૧૭
11 APR 2017

વંચાણે લીધા:

૧. ભારત સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૫ થી બહાર પાડવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગાઈડલાઈન;
૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૫/૦૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:એએચએમ/૧૦૨૦૧૫/૪૫૩/થ-૧;
૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૫/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક:જીએચબી/૧૧૨૦૧૬/૭૯૨/થ;
૪. ભારત સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૩/૨૦૧૭ ના રોજ પીએમએવાય (PMAY) હેઠળ સીએલએસએસ (CLSS) ની એમઆઈજી માટેની ગાઈડલાઈન ક્રમાંક:- જી ૧૬૦૧૪/ ૧૧/૨૦૧૫-એચએફએ-વી/એફટીએસ-૧૪૧૦૬

આમુખ:

ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમ-૨ પરના તારીખ-૧૫/૦૨/૨૦૧૬ ના ઠરાવથી શહેરી વિસ્તારોમાં નાગરિકોને સુવિધા યુક્ત પાકા આવાસો પરવડી શકે તેવી કિંમતે મળી રહે તથા શહેરી વિસ્તારો ઝુંપડપટ્ટી મુકત બને તેવા ઉદેશ સાથે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના તથા કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના

અમલમાં મૂકવામાં આવેલ છે ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમ-૩ પરના તારીખ-૨૫/૦૪/૨૦૧૬ ના ઠરાવથી ક્રેડીટ લીંક સબસીડી ઘટક દ્વારા વ્યાજ સહાયનો લાભ આપવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમ-૪ પરની તા-૧૧/૦૩/૨૦૧૭ ની ગાઈડલાઈનથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વ્યાજ સહાયની યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગમાં રૂ.૬.૦૦ લાખથી રૂ.૧૨.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા વર્ગ માટે MIG-I તથા રૂ.૧૨.૦૦ લાખથી રૂ.૧૮.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા વર્ગ માટે MIG-II ના નવા પ્રકાર (કેટેગરી) ઉમેરવામાં આવેલ છે. ગૃહ ધિરાણથી આવાસ ખરીદનાર મધ્યમ વર્ગનું ભારણ ઓછું થાય અને આવાસ ખરીદવું તેઓ માટે સહેલુ થાય તે માટે કેન્દ્ર સરકારની યોજના ઉપરાંતના મધ્યમ વર્ગને પણ વ્યાજ રાહત આપવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

આ બાબતે પુખ્ત વિચારણા બાદ વાર્ષિક રૂ.૧૮ લાખથી રૂ.૨૨.૫૦ લાખ આવક ધરાવતાં કુટુંબો માટે MMGY યોજના અંતર્ગત MIG-III નામની નવી કેટેગરી ઉભી કરવામાં આવે છે. આ કેટેગરી હેઠળના લાભર્થીઓને પણ ક્રેડીટ લીંક સબસીડી યોજના માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાના સંકલનથી અમલીકરણ કરવા માટે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

-: ઠરાવ :-

❖ **પ્રધાનમંત્રી આવાસ યોજનાના ઘટકનું નામ :-**

વ્યાજ સહાયની યોજના (ક્રેડીટ લિંક સબસીડી યોજના - CLSS):

(૧) **યોજનાનો હેતુ:**

મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિસ્તાર/વિકાસ સત્તા મંડળ/તથા શહેરી વિસ્તારમાં વસતા શહેરી ગરીબો માટે આર્થિક રીતે નબળા વર્ગ (EWS), ઓછી આવક ધરાવતા જુથ (LIG), અને મધ્યમ આવક ધરાવતા જુથ (MIG-I), (MIG-II) અને (MIG-III) ના લાભાર્થીઓને નવા આવાસ ખરીદવા તેમજ હયાત પાકા મકાનમાં સવલતો વધારવા માટે કે મકાન પાકું બનાવવા માટે ધિરાણના વ્યાજ ઉપર સબસીડી આપવાનો હેતુ છે.

(૨) વ્યાપ:

૨.૧) નવા ઘરની ખરીદી/બાંધકામ માટે ગૃહ ધિરાણ લેનાર વ્યક્તિ તેઓની વાર્ષિક કૌટુંબિક આવકના પ્રમાણમાં આ યોજના માટે લાભાર્થી તરીકે લાયક બને છે.

૨.૨). અરજદાર જ્યાં રહેતા હોય કે વસવાટ કરતાં હોય તે ઘરના યુનિટમાં વધારો કરવા માટે લીધેલ લોન પર થતા વ્યાજ પર વ્યાજ સબસીડી મળવા પાત્ર છે.

૨.૩) ગુજરાત રાજયના તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તાર અને તમામ શહેરી વિકાસ/વિસ્તાર સત્તા મંડળ (UDA/ADA) વિસ્તાર માટે આ યોજના લાગુ પડશે.

૨.૪) ફકત CLSS ઘટક અંતર્ગત EWS, LIG તથા MIG પ્રકાર માટેની વ્યાખ્યા નીચે મુજબ રહેશે.

| અનુ.નં | પ્રકાર (કેટેગરી) | કૌટુંબિક વાર્ષિક આવક રૂ. | વ્યાજ સહાય | | મહત્તમ લોન નો સમય (વર્ષ) | વ્યાજ સહાય માટે લોન રકમની પાત્રતા (રૂ.) * | કારપેટ વિસ્તાર | નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) માટેનો ડિસ્કાઉન્ટ રેટ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | કેન્દ્ર | રાજ્ય | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | EWS | ૩,૦૦,૦૦૦ સુધી | ૬.૫% | 0 | ૨૦ | ૬,૦૦,૦૦૦ | ૩૦ ચો.મી. સુધી | ૯.૦૦% |
| ૨ | LIG | ૩,૦૦,૦૦૧ થી ૬,૦૦,૦૦૦ સુધી | ૬.૫% | 0 | ૨૦ | ૬,૦૦,૦૦૦ | ૬૦ ચો.મી. સુધી | ૯.૦૦% |
| ૩ | MIG-I | ૬,૦૦,૦૦૧ થી ૧૨,૦૦,૦૦૦ સુધી | ૪.૦૦% | 0 | ૨૦ | ૯,૦૦,૦૦૦ | ૯૦ ચો.મી. સુધી | ૯.૦૦% |
| ૪ | MIG-II | ૧૨,૦૦,૦૦૧થી ૧૮,૦૦,૦૦૦ સુધી | ૩.૦૦% | 0 | ૨૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧૧૦ ચો.મી. સુધી | ૯.૦૦% |
| ૫ | MIG-III | ૧૮,૦૦,૦૦૧થી ૨૨,૫૦,૦૦૦ સુધી | 0 | ૨.૫% | ૨૦ | ૧૫,૦૦,૦૦૦ | ૧૩૦ ચો.મી. સુધી | ૯.૦૦% |

૨.૫) કૌટુંબિક આવક મુજબ નક્કી કરેલ લાભાર્થી કેટેગરી પ્રમાણે કોલમ ૮ માં સૂચિત ચો.મી કરતાં વધારે વિસ્તારનું મોટું આવાસ બાંધી કે ખરીદી શકે છે. તેમજ કોલમ ૭ માં સુચિત આવાસ લોન કરતાં વધારે રકમ ધિરાણ લઇ શકે છે. પરંતુ વ્યાજ સહાયની ગણતરી કરવા માટે કોલમ ૭ નો માપદંડ લાગુ પડશે.

૨.૬) CLSS ઘટક નો લાભ MIG-I, II તથા III કેટેગરી ના લાભાર્થીઓ માટે પ્રારંભિક સમય મર્યાદા ૧ વર્ષ માટે રાખેલ છે. જેનો અમલ તા-૦૧-૦૧-૨૦૧૭ થી કરવાનો રહેશે. તા-૦૧/૦૧/૨૦૧૭ પહેલાં લિધેલ ગ્રુહ ધિરાણ માંટે આ યોજનાનો લાભ મળવાપત્ર રહેશે નહિં.

૨.૭) આ યોજનાના અરજદારે પ્રાથમિક ધિરાણ કરનાર સંસ્થાઓ જેવી કે જાહેર ક્ષેત્રની બેંક, ખાનગી ક્ષેત્રની બેંક અથવા કે હાઉસીંગ ફાઇનાન્સ કંપની અથવા MoHUPA, GOI દ્વારા માન્યતા પ્રાપ્ત અને ધીરાણ સંસ્થા કે જેઓએ નેશનલ હાઉસીંગ બેન્ક (NHB) અથવા હુડકો (HUDCO)સાથે MoU કરેલ હોય, તેવી નાણાકીય સંસ્થામાં લોન માટે અરજી કરેલ હોય તો તે અરજદાર ક્રેડિટ લિંક્ડ સબસીડી યોજના (CLSS) માટે પાત્ર બની શકે છે.

૨.૮) આ યોજના હેઠળનું આવાસ પરિવારની મુખ્ય મહિલાના નામે અથવા પતિ-પત્નીના સંયુકત નામે હોવું જોઇશે. જો કુટુંબમાં પુખ્ત વયની મહિલા ન હોય તો કુટુંબના મુખ્ય પુરુષના નામે નોંધાયેલ આવાસ માટે લીધેલ બેન્ક / હાઉસીંગ ફાઇનાન્સ કંપનીની લોન સામે પણ અન્ય શરતોને આધીન સબસીડી મળવાપાત્ર થશે.

(3) લાભાર્થીની પાત્રતા:

3.૧) આ યોજનાના હેતુસર કુટુંબમાં પતિ-પત્ની અને અપરણિત બાળકોનો સમાવેશ થાય છે. MIG કેટેગરી માટે કામ કરતા/આવક ધરાવતાં પુખ્ત વયના અપરિણિત બાળક અલગ ઘર માટે અરજી કરી શકશે.

3.૨) આ યોજના હેઠળ અરજદાર કે તેમના કુટુંબના કોઇ સભ્ય ભારતભરમાં કોઇપણ જગ્યાએ પોતાની માલીકીનું પાકું ઘર ધરાવતો ન હોવો જોઇએ.

3.3) આ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના – હાઉસીંગ ફોર ઓલ (શહેરી) -૨૦૧૫ હેઠળના કુલ-૪ કોમ્પોનન્ટ (ઘટક) પૈકી અન્ય ત્રણમાંથી કોઇ પણ કોમ્પોનન્ટ (ઘટક) હેઠળ તથા ભારત સરકાર ની કોઈપણ બીજી આવાસ યોજના નો લાભ લીધેલ ન હોય તેવા જ લાભાર્થીઓને આ કમ્પોનેન્ટ (ઘટક) નો (CLSS) લાભ

મળવાપાત્ર થશે.

(૪) મળવા પાત્ર લાભ:

૪.૧) **EWS અને LIG પ્રકારના લાભાર્થી**

આ યોજના હેઠળ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) અને ઓછી આવક જુથ (LIG)ના લાભાર્થીઓની મહત્તમ ૨૦ વર્ષ સુધીની લોનની મુદત માટે રૂ.૬,૦૦,૦૦૦/- સુધીની લોન ઉપર ૬.૫% વ્યાજના દરે વ્યાજ સબસીડી મળવાપાત્ર થશે. રૂ.૬,૦૦,૦૦૦/- થી વધારાની લોન માટે વ્યાંજના સામાન્ય દરો (સબસીડી સિવાયના દરો) લાગુપડશે.

૪.૨) **MIG-I પ્રકારના લાભાર્થી**

મધ્યમ આવક ધરાવતા (MIG-I) લાભાર્થીઓની મહત્તમ ૨૦ વર્ષ સુધીની લોનની મુદત માટે રૂ.૯,૦૦,૦૦૦/- સુધીની લોન ઉપર ૪.૦% વ્યાજના દરે વ્યાજ સબસીડી મળવાપાત્ર થશે. રૂ.૯,૦૦,૦૦૦/-થી વધારાની લોન માટે વ્યાજના સામાન્ય દરો (સબસીડી સિવાયના દરો) લાગુ પડશે.

૪.3) **MIG-II પ્રકારના લાભાર્થી**

મધ્યમ આવક ધરાવતા (MIG-II) લાભાર્થીઓની મહત્તમ ૨૦ વર્ષ સુધીની લોનની મુદત માટે રૂ.૧૨,૦૦,૦૦૦/- સુધીની લોન ઉપર 3.0 % વ્યાજના દરે વ્યાજ સબસીડી મળવાપાત્ર થશે. રૂ.૧૨,૦૦,૦૦૦/-થી વધારાની લોન માટે વ્યાજના સામાન્ય દરો (સબસીડી સિવાયના દરો) લાગુ પડશે.

૪.૪) **MIG-III પ્રકારના લાભાર્થી**

મધ્યમ આવક ધરાવતા (MIG-III) લાભાર્થીઓની મહત્તમ ૨૦ વર્ષ સુધીની લોનની મુદત માટે રૂ.૧૫,૦૦,૦૦૦/- સુધીની લોન ઉપર રાજ્ય સરકાર દ્વારા ૨.૫% વ્યાજના દરે સબસીડી મળવાપાત્ર થશે. રૂ.૧૫,૦૦,૦૦૦/-થી વધારાની લોન માટે વ્યાજના સામાન્ય દરો (સબસીડી સિવાયના દરો) લાગુ પડશે

(૫) **અમલીકરણ કાર્યપધ્ધતિ:**

૫.૧) CLSS નો લાભ મેળવવા ગૃહ ધિરાણ ધારક દ્વારા અધિકૃત બેન્ક, હાઉસીંગ ફાયનાન્સ કંપની કે સહકારી બેંક માં જરૂરી પુરાવા રજુ કરવાનાં રહેશે.

૫.૨) ગૃહ ધિરાણ આપનાર (૧૮૭) નાણાંકીય સંસ્થા જેવી કે બેન્ક, હાઉસીંગ ફાયનાન્સ કંપની કે સહકારી બેંક દ્વારા તેઓના વ્યાજ સબસીડીની પાત્રતા ધરાવતા કલેઈમ્સ દર માસનાં અંતમાં નેશનલ હાઉસીંગ બેન્ક(NHB) અથવા હુડકો (HUDCO) ને મોકલવાના રહેશે.

૫.૩) નેશનલ હાઉસીંગ બેન્ક(NHB) અને હુડકો (HUDCO)તેમની સમંક્ષ રજુ થયેલ વ્યાજ સબસીડીના ક્લેઈમ્સની ચકાસણી કરી EWS, LIG, MIG-1 અને MIG-2 કેટેગરી માટે ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમ-૧ અને ક્રમ-૪ થી નક્કી કરવામાં આવેલ કાર્યપધ્ધતિ અપનાવાશે.

૫.૪) MIG-III કેટેગરી માટે સદર પાત્રતા ધરાવતા કલેઈમ રાજય કક્ષાની સંકલન સમિતિમાં રજૂ કરવાના રહેશે.

- રાજય કક્ષાની સંકલન સમિતિના મંજુરી પછી જીલ્લા /મહાનગર કક્ષાના શહેરી આવાસો માટેના નિયત સત્તામંડળ મારફત લાભાર્થીઓને વાઉચર/સર્ટીફીકેટની સોંપણી કરવામાં આવશે.
- લાભાર્થી દ્વારા વાઉચર /સર્ટીફીકેટની બેંકમાં સોંપણી કરવાથી સબસીડીની રકમ લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે.
- મંજુર કલેઈમ ના કિસ્સામાં બેંકો દ્વારા કોઇ પણ પ્રોસેસીંગ ફી ચાર્જ કરવામાં આવશે નહી. જેના વળતર રૂપે EWS, LIG, MIG-1 અને MIG-2 કેટેગરી માટે ઉપર્યુકત વંચાણે લીધેલમાં દર્શાવેલ ક્રમ-૧ અને ૪ થી નકકી કરાયેલ કાર્યપધ્ધતિ અપનાવાશે. MIG- III કેટેગરી માટે મંજુર કલેઈમ દીઠ રૂ.૨૦૦૦ ની રકમ સંબંધિત નાણાકીય સંસ્થાઓને ચુકવવામાં આવશે.

# આ યોજનાના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ (ચાર્ટ દ્વારા)

**(૧)**
અરજદાર દ્વારા હોમ લોન માટે અરજી

↓

**(૨)**
પ્રાઈમરી લેન્ડિંગ ઈન્સ્ટિટ્યુશન (PLIs)
(બેન્ક, હાઉસીંગ ફાયનાન્સ કંપની કે સહકારી બેન્ક)

↓

**(3) લોનની રકમ પર નિર્ણય**
૧.EWS- કારપેટ વિસ્તાર 30 થી ૪0 ચો.મી,
૨. LIG- ૪૧ થી ૬0 ચો.મી સુધી
3. MIG –I -૯0 ચો.મી સુધી
૪. MIG II- ૧૧0 ચો.મી સુધી
૫. MIG III – કારપેટ વિસ્તાર ૧30 ચો.મી)

↓

**(૪) હોમ લોન વ્યાજ સબસિડી નો કલેમ**
૧. EWS અને LIG-રૂ.૬ લાખની લોન ઉપર @ ૬.૫% ના દરે
૨. MIG-I-રૂ.૯ લાખની લોના ઉપર @ ૪% ના દરે
3. MIG-II – રૂ. ૧૨ લાખની લોના ઉપર @ 3% ના દરે
૪. MIG-III- રૂ. ૧૫ લાખની લોન ઉપર @ ૨.૫% ના દરે.
વ્યાજ સબસિડી NPV basis પર ૯% ડિસ્કાઉન્ટ રેટ પર ગણવામાં આવશે.

↓

**EWS, LIG, MIG- I & II**

↓

**(૫)**
ઉપરોક્ત પ્રકાર માટે PMAY હેઠળ ભારત સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાઓ માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરવાની રહેશે.

**MIG-III**

↓

**(૫)**
પ્રાઈમરી લેન્ડિંગ ઈન્સ્ટિટ્યુશન (PLIs) દ્વારા NHB/HUDCO મારફત રાજ્ય સરકારની સંકલન સમિતિને કલેમની રજૂઆત

↓

**(૬)**
રાજ્ય સરકારની સંકલન સમિતિ દ્વારા રજૂ થયેલ કલેમની મંજુરી

↓

**(૭)**
શ. વિ અને શ. ગૃ. નિ. વિભાગ દ્વારા NHB/HUDCO ને મંજૂર થયેલ કલેમની રકમની ચુકવણી

↓

**(૮)**
જીલ્લા/મહાનગર કક્ષાની શહેરી આવાસો માટેના નિયત સત્તામંડળ મારફત લાભાર્થીને વાઉચર/સર્ટિફિકેટની સોંપણી

↓

**(૯)**
લાભાર્થી દ્વારા વાઉચર/સર્ટિફિકેની બેંકમાં સોંપણી તથા સબસિડીની રકમ લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) મોનિટરીંગ અને અમલીકરણ

૬.૧ EWS, LIG, MIG-1 અને MIG-2 કેટેગરી માટે સીએલએસ ઘટકનું મોનીટરીંગ અને અમલીકરણ મંત્રાલય (MOHUPA) અંતર્ગત નિમાયેલ મિશન ડાયરેકટરશ્રી દ્વારા કરવામાં આવશે.

૬.૨ MIG-III કેટેગરી માટે સીએલએસ ઘટકનું મોનિટરીંગ રાજય કક્ષાની મંજુરી અને દેખરેખ સમિતિ (SLSMC) દ્વારા કરવામાં આવશે.

૬.૪ સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી (એસએલબીસી) સીએલએસ ઘટકનું મોનિટરીંગ કમિટીની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ કરશે.

૬.૫ ઘટક/યોજના હેઠળ જો કોઈ ખોટી અરજી ધ્યાનમાં આવશે તો સદર અરજદારની સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે.

વ્યાજ સહાયની યોજના (ક્રેડીટ લીંક સબસીડી સ્કીમ – CLSS) ના અમલીકરણ માટે નોડલ એજન્સીઓ દ્વારા અમલીકરણ થાય તેમજ લાભાર્થીઓને યોગ્ય સહાય/માર્ગદર્શન મળી રહે તેવા સઘન પ્રયત્નો અમલીકરણ કરનાર સંસ્થાઓએ કરવાના રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અ.મુ.સ.શ્રી (નાણાં), નાણાં વિભાગ થી તા-૦૫/૦૪/૨૦૧૭ તથા સરકારની તારીખ-૦૬/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે.

(આર. એ. પ્રજાપતિ)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
વિભાગ

પ્રતિ:

- નામદાર. રાજ્યપાલશ્રી નાં અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી (શહેરી ગૃહ નિર્માણ) ના અંગત સચિવ, સચિવાલય, માન. રા.ક. મંત્રીશ્રી(શહેરી ગૃ.નિ.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ) ,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ.
- પ્રોજેક્ટ સ્પેશ્યાલીસ્ટશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ(સર્વે).
- કલેકટરશ્રીઓ, ડીસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સર્વે)
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓ, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર
- વહીવ્ટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર
- નિયામકશ્રી, રાજ્ય અગ્નિ શમન સેવા, ગાંધીનગર
- સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, આ પરિપત્ર વિભાગની વેબસાઇટ ઉપર ઓનલાઇન મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ